**આંક–**

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૧/૧૧/૨૦૨૫ |
| દાખલ તારીખ | ૦૧/૧૧/૨૦૨૫ |
| ફૈંસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મે. મજૂર અદાલત, નડીઆદના એકસ ઓફિસિઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ**
**શ્રી બી. કે. રાવલ સાહેબ સમક્ષ.**

**ડિસ્ટ્રીબ્યુશન અરજી નં. : ૧૦/૨૦૨૫**

અરજદાર :ગુજ.લક્ષ્મણ સિંહ પ્રતાપસિંહ બારૈયાના વારસો,
(૧) રંગુબેન લક્ષ્મણ સિંહ બારૈયા (પત્ની), ઉ.વ.૫૬
(૨) અરવિંદભાઈ લક્ષ્મણ સિંહ બારૈયા (પુત્ર), ઉ.વ.૩૭,
(૩) હેતલબેન લક્ષ્મણ સિંહ બારૈયા (પુત્રી), ઉ.વ.૩૧,
(૪) પ્રવિણ સિંહ લક્ષ્મણ સિંહ બારૈયા (પુત્ર), ઉ.વ.૨૮,
રહે.૬૫૮, ચકલીયાના કુવા, રાઠોડના ઘરા પાસે,
મુ.કાણીયેલ, તા.કઠલાલ,
જી.ખેડા.

**: વિરૂધ્ધ :**

સામાવાળા : વિભાગીય નિયામક,
કપડવંજ રોડ, એસ.ટી. ડેપો,
નડીઆદ.

હાજર રહયા : અરજદારો તરફે – વિ.વ.શ્રી આર.કે.રાણા
સામાવાળા તરફે – વિ.વ.શ્રી એસ.કે.રાણા

**: હુકમ :**

(૧) આ કામના સામાવાળા નં.૧ ને ત્યાં કામ કરતા ગુજરનાર લક્ષણ સિંહ પ્રતાપસિંહ બારૈયાનું કામ દરમ્યાન અકસ્માતે મૃત્યુ થતા આ કામના સામાવાળાએ અત્રેની ઓથોરીટી સમક્ષ, અસલ ચેક, ગુજરનારનું આધારકાર્ડ, વળતરની ગણતરી, અકસ્માત ફોર્મ, પી.એમ. નોટ,

અકસ્માતની ખબર, ગુજરનારના હાજરીપત્રક, મરણનું પ્રમાણપત્ર, અરજદારોના આધારકાર્ડ રજુ રાખેલ છે.

(૨) આ કામના સામાવાળા તરફે ઉપર મુજબના દસ્તાવેજો રજુ થતાં આ કામના અરજદારોને ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ મોકલી આપવામાં આવેલું. જે તેઓને મળી જતા તેઓ તરફે આંક–૨૦ થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ રજુ કરેલ છે અને આંક–૨૨ ના લીસ્ટથી ગુજરનારનો મરણનો દાખલો, રેશનકાર્ડ, ગુજરનારના માતાનો મરણનો દાખલો, અરજદારોના આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડ, ફોટા તથા પેઢીનામું રજુ રાખેલ છે.

(૩) આ કામના સામાવાળાએ આંક–૨૪ થી જમા થયેલ રકમ અરજદારોને ચુકવવા સામે વાંધો નથી તેવી પુરશીસ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદાર અરવિંદભાઈએ વળતર માટે અન્ય કોઈ કેસ નહી કરેલાનું જાહેર કરેલ છે. અરજદાર હેતલબેન, પ્રતાપસિંહ અને અરવિંદભાઈ તેમનો હકક અરજદારણ રંગુબેનની તરફેણમાં જતા કરતા હોવાની એફીડેવીટ રજુ કરેલ છે. આ કામે રજુ થયેલ પેઢીનામું જોતા ગુજરનાર લક્ષ્મણભાઈએ લગ્ન કરેલા હતા અને અગાઉના પત્ની મરણ ગયા બાદ હાલના અરજદાર રંગુબેન સાથે લગ્ન કરેલા છે. વધુમાં અગાઉની પત્નીથી જે કોઈ સંતાનો હતા તે હાલના અન્ય અરજદારો છે અને તેઓએ અરજદાર નં.૧ રંગુબેનની તરફેણમાં પોતાના હકક જતા કરેલા છે. વધુમાં આ પેઢીનામા મુજબ ગુજરનાર કામદારના માતુશ્રી ચંપાબેન પ્રતાપજી બારૈયાનાઓ હયાત હોવાનું જણાય આવે છે. તે સંજોગોમાં આ ચંપાબેન પણ ગુજરનારના આશ્રિત છે. જેથી ગુજરનાર કામદારના આશ્રિત તરીકે તેમના માતુશ્રી ચંપાબેન તથા પત્ની રંગુબેન નાઓ હયાત હોઈ અને ગુજરનારના પુત્રો તથા પુત્રીએ તેમના

હક્કો જતા કરેલા હોઈ, ત્યારે જમા થયેલ રકમની વહેંચણી ગુજરનારના માતુશ્રી ચંપાબેન અને પત્ની રંગુબેનને કરવી ન્યાયોચિત જણાય છે.

(૪) હવે જયારે સામાવાળા એસ.ટી. કોર્પોરેશને ગુજરનારના આશ્રિતોને વળતર ચુકવવા માટે અત્રે ચેક જમા કરાવેલ હોઈ અને તે રકમ સંદર્ભે અરજદારો કે સામાવાળાએ કોઈ વાંધો લીધેલ ન હોઈ, આ રકમ અરજદારોને ચુકવવાની થાય છે. પરંતુ અરજદાર રંગુબેન સિવાયના અન્ય અરજદારોએ જમા થયેલ રકમ અરજદાર રંગુબેનને આપવા સામે વાંધો નથી તેવા સોગંદનામા રજુ કરેલા હોઈ ત્યારે તથા પેઢીનામા મુજબ ગુજરનારના માતુશ્રી ચંપાબેન હયાત હોઈ ત્યારે જમા થયેલ રકમ ગુજરનારના પત્ની રંગુબેન તથા ગુજરનારના માતુશ્રી ચંપાબેનને ચુકવવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. વધુમાં ગુજરનારના માતા ચંપાબેનની ઉંમર જોતા તેમના ભાગે આવતી રકમની એફ.ડી. ઓછા સમય માટે કરવી ન્યાયોચિત જણાય છે. જમા થયેલ રકમ, ગુજરનારનો સરેરાશ માસીક પગાર, ગુજરનારની ઉંમર, તેની સામેનું ફેકટર વિગેરે ધ્યાને લેતા સામાવાળાએ જમા કરાવેલ રકમ યોગ્ય જણાય છે. આ સંજોગોમાં કેસની હકીકત ધ્યાને લેતા, રેકર્ડ ઉપર રજુ થયેલા સોગંદનામાઓ ધ્યાને લેતા તથા નામ. ગુજરાત હાઈકોર્ટના *૨૦૦૭, એલ.એલ.આર., પાના નં.૧૦૮૫, ન્યુ ઈન્ડીયા ઈન્સ. કું. લી. વિ. નરશી ડી. હરીજન*નો ચુકાદો ધ્યાને લેતા જમા થયેલ રકમની વહેંચણી નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>– : : હુકમ : : –</u>**

અત્રેની વ.કો.કમીશ્નરની કચેરીમાં સામાવાળા વિભાગીય નિયામક, એસ.ટી., નડીઆદનાઓએ ડીપોઝીટ કરાવેલ રકમ **રૂ.૯,૬૨,૪૭૫/–** (અંકે રુપિયા નવ લાખ

બાસઠ હજાર ચારસો પંચોતેર) પુરા કે જે બેંક ઓફ મહારાષ્ટ્ર, નડીઆદ શાખામાં રીસીપ્ટ ૯૧૬૦૧૦ તથા એકાઉન્ટ નં.૬૦૫૫૬૪૬૯૮૪૬ થી જમા રહેલ છે તે રકમમાંથી અરજદારને નીચેની વિગતે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | નામ | આશ્રીતોને ભાગે આવતી રકમ | રોકડમાં ચુકવવાની રકમ (એકાઉન્ટ પેઈ ચેક) | એફ.ડી.ની રકમ | મુદત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ચંપાબેન પ્રતાપજી બારૈયા (માતા) | ૩,૮૪,૯૯૦/- | ૫૭,૯૯૦/- | ૩,૨૭,૦૦૦/- | ૩ વર્ષ. |
| ૨. | બારૈયા રંગુબેન લક્ષ્મણ સિંહ (પત્ની) | ૫,૭૭,૪૮૫/- | ૮૭,૪૮૫/- | ૪,૯૦,૦૦૦/- | ૫ વર્ષ. |
| | **કુલ ..........** | **૯,૬૨,૪૭૫/-** | **૧,૪૫,૪૭૫/-** | **૮,૧૭,૦૦૦/-** | |

**<u>-:: શ ર તો ::-</u>**

૧. આશ્રીતોને રોકડમાં ચુકવવાની થતી રકમ જે તે આશ્રીતની ઓળખાણ અંગેની ખરાઈ કર્યા બાદ એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવી.

૨. આ કામની એફ.ડી.ની રકમ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકની નડીઆદ શાખામાં એફ.ડી. કરવી.

૩. ઉપરોકત એફ.ડી. ઉપર જમા થયેલ આજ દિન સુધીનું વ્યાજ અરજદાર નં.૧ રંગુબેન બારૈયાને એકાઉન્ટ પેઈ ચેકથી/ખાતામાં સીધું ચુકવવું.

બેંકે હવે પછી થનાર એફ.ડી.ની રકમ ઉપર જમા થતા વ્યાજની રકમ જે તે અરજદાર/આશ્રીતને તેની એફ.ડી.નું વ્યાજ દર ત્રણ માસે તેને એકાઉન્ટ પેઈ ચેકથી/ખાતામાં સીધું ચુકવવુ. અરજદારને સીનીયર સીટીઝનનો લાભ મળવા પાત્ર હોય તો આપવો.

૪. બેંકે નામદાર કોર્ટના હુકમ સિવાય આ કામની એફ.ડી. ઉપર આશ્રીતને કોઈ લોન કે ધિરાણ કે અન્ય ઈતર વ્યવહાર કરવો નહી કે એફ.ડી. પ્રિમેચ્યોર રીલીઝ કરવી નહી. આ અંગે એફ.ડી. રસીદ ઉપર લાલ શેરો કરવો.

૫. બેંકે આ કામની એફ.ડી.ની રકમ જે તે અરજદાર/આશ્રીત તથા એકસ ઓફીસીયો કમિશ્નર ફોર ધી વ.કો.એકટના સંયુકત નામે કરવી.

૬. બેંકે હવે પછી થનાર એફ.ડી.ની અસલ પાવતી **દિન–૧૦** માં અત્રેની કોર્ટમાં રજુ કરવી.

સબંધિત બેંક તરફ યાદી કરવી.

**તારીખ : ૧૮/૦૩/૨૦૨૬.**
**નડીઆદ.**
(M.D.)

**(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**એકસ ઓફિસીઓ કમિશ્નર**
**ફોર ધી વ. કો. એકટ, એન્ડ જજ**
**મજુર અદાલત, નડીઆદ.**
**GJ01255**